ગુણ-૧
વિરમગામ
20-2-19
H.B.

સેમેસ્ટર - II - 2019
ધોરણ - 5
વિષય - ગુજરાતી

ઉત્તરવહી 12/4

ગુણ-(૪૦)

પ્રશ્ન-૧ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો
(અ) (3)
(૧) બાર ખરચીની વધેલી પાંચસો રૂપિયાની વાંસળી કેડયે બાંધી છે.
(૨) શિક્ષક લિંકન ને અહોભાવ થી જોઈ રહે છે.
(૩) બોલ્ટર નો નિર્ધાર અડગ હતો.
(૪) આંબેડકરે સ્ત્રીઓને શિક્ષણ પ્રત્યે અભિમુખ કરી.
(૫) બધી વસ્તુઓ ઝોળી માં ભરીને ભિક્ષુએ વિદાય લીધી.
(૬) વાછટ આવવાના લીધે પુસ્તક પલળી ગયું.

(બ) નીચેના વાક્યો કોણ બોલે છે તે લખો. (3)
(૧) "અરે ચોપડી ક્યાં ગઈ" — લિંકન બોલે છે.
(૨) "શેઠ કેટલા રૂપિયાનું લેણું? આંકડો બોલો. — વાલો કેસરીયો બોલે છે.
(૩) "તમારું નામઠામ ન આપો તો તમને મારા છોકરાના સમ છે. — જુવાન મરાઠો બોલે છે.
(રાઘોબા બોલે છે)
(૪) "પગ સાથે ? પગ તે કોઈ સાંભળતા હશે" — બોલ્ટરની માતા બોલે છે.
(૫) "હા...હાશ...હવે મારા મનને શાંતિ મળશે...!" — લિંકન બોલે છે.
(૬) "તે હજુ સુધી તું વાંચી શક્યો નથી!" — શિક્ષક બોલે છે.

(ક) યોગ્ય જોડકાં જોડો (૨)

| A | B | જવાબ |
|---|---|---|
| (૧) કદર | જ્યોતિબહેન ગાંધી | દોલત ભટ્ટ |
| (૨) અપંગના ઓજસ | નટવર પટેલ | કુમારપાળ દેસાઈ |
| (૩) ઊડે રે ગુલાલ | દોલત ભટ્ટ | નટવર પટેલ |
| (૪) મૂલ્યવાન ભેટ | કુમારપાળ દેસાઈ | જ્યોતિબહેન ગાંધી |

(ડ) ટૂંકનોંધ લખો (ગમે તે એક) (૨)
(૧) અબ્રાહમ લિંકન — અબ્રાહમ લિંકન નું ઘર ગરીબ સ્થિતિનું હતું. લિંકન ભણવાની સાથે નોકરી પણ કરતો હતો તેના માતાપિતાને શિક્ષણનો ખર્ચ પરવડે તેમ ન હતો માટે. લિંકન પરિશ્રમપ્રિય અને જિજ્ઞાસુ વિદ્યાર્થી હતો તેથી તેના માટે શિક્ષક ને પણ ગર્વ હતો.
શિક્ષકે ક્લાસ માં જે પાઠ શીખવ્યો હતો તેના વિશે વધુ જાણવાની ઇચ્છા હોઈ એ માટે બીજી કોઈ ચોપડી હોય તો તે લેવા લિંકન શિક્ષક પાસે ગયો. આવા જિજ્ઞાસુ વિદ્યાર્થી ને ચોપડી આપતા શિક્ષક ને આનંદ થયો. — લિંકને શિક્ષક નો આભાર માન્યો.

(૨) વાલો કેસરીયો — કરણુકી નદી આમ તો નાનકડી. દુબળીય પાતળી પણ એનો કાંઠો બારેય માસ લીલો કુંજાર રહેતો કરણુકીનો કાંઠો અને એનાં ટોપરાં જેવા પાણી પીને પશુઓ ગામ માં પાછા વળતા આવી રૂપકડી કરણુકીના કાંઠે ગરાણીગામ આવેલું છે.
ગામ માં વસનારો માણસો ઓલદોલ તેમાં સૌ કરતાં સવાયો એક આદમી વાલો કેસરીયો જાતનો ચારણ. તેનો ધંધો ઘોડા વેચવાનો અને તેથી નાનપણથી જ એને ઘોડા સાથે ભારે હેતપ્રીત. અરબી, પંજાબી કચ્છી અને કાઠિયાવાડી ઘોડાઓ વાલા કેસરિયાના તબેલામાં — હણહણાટી કરે છે.

વાલા કેસરીયાને લગતા માત્ર ③ જ વાક્યો છે, અન્ય માહિતી ગામને લગતી છે.

M.S.

પ્રશ્ન-૨ માગ્યા પ્રમાણે જવાબ લખો.

(અ) સમાનાર્થી શબ્દો લખો. (૨)

ઠેકડો - કુદકો , વેગળું - દૂર , ફરમાન - આદેશ, હુકમ
નિર્ણય - ફેંસલો

(બ) વિરોધી શબ્દો લખો. (૨)

ઉત્સાહ - નિરુત્સાહ , બાંધવું - છોડવું , નિરાંત - ઉતાવળ , ઈચ્છા - અનિચ્છા

(ક) શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો. (૨)

(૧) પવનથી ઊડેલા વરસાદના છાંટા. — વાછટ
(૨) જાત સાથેની મથામણ. — આત્મ સંઘર્ષ
(૩) દાબી ન શકાય તેવું. — અદમ્ય
(૪) દર પખવાડિયે પ્રકાશિત થતું સામાયિક. — પાક્ષિક

(ડ) સર્વનામ શોધી લીટી દોરો. (૨)

(૧) રોશન મારો ભાઈ છે. — મારો.
(૨) અમે બધાં સંપીને રહીએ છીએ. — અમે.
(૩) આપણું કામ જાતે કરવું જોઈએ. — આપણું.
(૪) તમે કાલે મુંબઈ જવાના છો. — તમે.

(ઈ) રૂઢિપ્રયોગો ના અર્થ આપી વાક્ય બનાવો. (ગમે તે બે) (૨)

(૧) ફાટી આંખે જોઈ રહેવું. — અચંબા કે વિસ્મય સાથે જોવું.
— સોનાની કંઠી ચાંચ માં લઈ ઉડતી ચકલીને સૌ ફાટી આંખે જોઈ રહ્યા.
(૨) પેટે પાટા બાંધવા. — ખુબજ દુ:ખ વેઠવું.
— મા બાપ પેટે પાટા બાંધીને પોતાના છોકરાને ભણાવે છે.
(૩) આકાશ-પાતાળ એક કરવા. — ખુબજ મહેનત કરવી.
— ખૂંખાર ચોર ને પકડવા પોલીસે આકાશ પાતાળ એક કર્યા.

પ્રશ્ન-૩ સુભાષિતો ના અર્થ આપી સમજાવો. (૨)

(અ) (૧) "જાતે કરવું, જાતે રળવું, જાત વિના સૌ જૂઠું જ;
જાતે ઝૂકવું, જાતે વધવું, જાત વડે ઉદ્ધરવું જ."

અર્થ — આપ બળ જાત મહેનત નો મહિમા વર્ણવાયો છે.

— આ સુભાષિત માં જાતમહેનત નો મહિમા બતાવવા માં આવ્યો છે આપણું કામ આપણે જાતે કરવું જોઈએ. મહેનત નો રોટલો ખાવો જોઈએ. તકલીફો વેઠીને પણ આગળ વધવું જોઈએ. એ રીતે જ આપણો ઉદ્ધાર થશે. 'પારકી આશ સદા નિરાશ.' બીજાના ભરોસે બેસી રહેવાથી આપણો ક્યારેય ઉદ્ધાર થશે નહી. વળી જાતમહેનતથી આપણે આગળ વધીએ એનો આનંદ કાંઈ ઓર હોય છે.

(૨) "કડવા હોય લીમડા, શીતળ એની છાંય;
બાંધવ હોય અબોલડા, તોય પોતાની બાંય."

અર્થ — લીમડાનો દાખલો આપી ભાઈભાંડુ નો સાથ સહકાર લેવાનો મહિમા વર્ણવાયો છે.

— આ સુભાષિત માં કુટુંબભાવનાની વાત લીમડાનું ઉદાહરણ આપી કરવામાં આવી છે. કુટુંબીજનો ભલે વઢકણાં હોય પરંતુ એ જ સંકટ સમયે મદદરૂપ થતાં હોય છે. આથી આપણે આપણાં કુટુંબીજનોને પોતાના ગણવાં જોઈએ તેઓ આપણને કોઈ વાર બે કડવાં વેણ કહે તો એનું માઠું લગાડવું જોઈએ નહિ.

(બ) કાવ્ય-પંક્તિ પૂર્ણ કરો. (૨)

વાલો મારો હીંચે હિંડોળે આંબાની ડાળ,
અડવાતે ઘોડલા હુંસલારે આંબાની ડાળ
પિત્તળિયાં પલાણ.
વાલો મારો હિંચકે હિંડોળે આંબાની ડાળ.
પગે રાઠોડી મોજડીરે આંબાની ડાળ.
ચાલે ચટકંતી ચાલ.

(ક) વચન ઓળખો. (૩)

ઝાડ - એકવચન, હિંડોળો - એકવચન, પુસ્તકો - બહુવચન
પંખી - એકવચન, સાંકળો - બહુવચન, પતંગું - એકવચન.

(ડ) વર્ગીકરણ કરો. (સ્ત્રીલિંગ, પુલ્લિંગ, નપુંસકલિંગ) (૩)

શાંતિ - સ્ત્રીલિંગ, સૂર્યકિરણ - નપુંસકલિંગ, શિક્ષક - પુલ્લિંગ
ઉજાસ - પુલ્લિંગ, પુત્રી ~~પુ~~ સ્ત્રીલિંગ, પુસ્તક - નપુંસકલિંગ

પ્રશ્ન-૪ પ્રશ્નોના જવાબ લખો. (ગમે તે ચાર) (૪)

(૧) અબ્રાહમ લિંકન, સાહેબ પાસે કેમ આવ્યો હતો?
જ. સાહેબે ક્લાસમાં જે વાત શિખવ્યો હતો તે વિશે લિંકનને વધુ જાણવાની ઇચ્છા હતી. તેથી એ વિશેની બીજી કોઈ ચોપડી હોય તો તે લેવા માટે સાહેબ પાસે આવ્યો હતો.

(૨) કેસરિયાએ વડોદરાને રામરામ કરવાનું શા માટે વિચાર્યું?
જ. કેસરિયો પોતાના ઘોડા વેચવા વડોદરા આવ્યો હતો. મન હરી જાય તેવા ઘોડા જોઈ સૌ રાજી થઈ જતા. પણ ઘોડાની કિંમત સાંભળી તે પાછા વળી જતા. તેનો એક પણ ઘોડો વેચાતો નહતો. તેથી કેસરિયાએ વડોદરાને રામરામ કરવાનું વિચાર્યું.

(૩) ડૉ. ભીમરાવના દફતરમાં કયા ત્રણ મહાપુરુષોનો ફાળો છે?
જ. ડૉ. ભીમરાવના દફતરમાં આ ત્રણ મહાપુરુષોનો ફાળો છે. બુદ્ધ, કબીર અને જ્યોતિબા ફુલે.

(૪) તારાની આંખમાં શાથી ઝળઝળિયાં આવી ગયા?
જ. ભિક્ષુને દાનમાં આપવા માટે તારા પાસે કાટ લાગેલા સિક્કા સિવાય કશું નહતું. તેથી તેની આંખમાં ઝળઝળિયાં આવી ગયા.

(૫) ઊગમતા આભમાં શું દેખાય છે.
જ. ઊગમતા આભમાં જુદાજુદા રંગો રેલાતા દેખાય છે.

પ્રશ્ન-૫ નીચેનામાંથી ગમે તે એક વિષય પર નિબંધ લખો. (૬)

(૧) ૨૬ મી જાન્યુઆરી
(૨) શિયાળો

કેતનભાઈ આર પટેલ.
8866455170